ટપક
E-MAGAZINE
Volume 2, Issue 8
November
2024

૨૯ – ઓમનગર (૩), જી.આઈ.ડી.સી. પાછળ, હનુમાનપરા રોડ, અમરેલી - ૩૬૫૬૦૧, ગુજરાત

## તા. ૭ નવેમ્બર ૨૦૨૪નાં રોજ સંસ્થાની ઓફીસ ખાતે બધા જ કાર્યક્રમની સમીક્ષા બેઠક અને સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો.



**પાંચેય પ્રોગ્રામ યુનિટના ઉદ્યોગ સાહસિકો માટે પ્રેરણા પ્રવાસનું આયોજન તા.૨૨ નવેમ્બર નારોજ થયું. જેમાં કુલ ૧૯ ઉદ્યોગ સાહસિક મિત્રો અને ૮ કાર્યકર મિત્રોને કેવીકે કોડીનાર અને રોણાજ ગામની મુલાકાત કરાવવામાં આવી. બાયો ઈનપુટ પ્રોડક્શન યુનિટની મુલાકાત અને તે અંતર્ગત માહિતી મેળવવામાં આવી.**




Share your review



www.sskkamreli.org
info@sskkamreli.org

**અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશનમાંથી આશિષ પટેલ અને ચંદુભાઈ રૈયાણીએ પાણી સંગ્રહ માટેના પ્રોજેક્ટ માટે સંસ્થા દ્વારા થતી કામગીરીની વિગતો જોવા અને જાણવા ૯ નવેમ્બરના રોજ મુલાકાત કરી.**



## તાલીમ અને શિક્ષણ

**લેમ્પ કાર્યક્રમ અંતર્ગત એસ.એમ.સી., પી.આર.આઈ અને સમુદાયના સભ્યો સાથે આર.ટી.ઈ. એક્ટ અને બાળકોની શાળામાં અનિયમિતતા બાબતે તાલીમનો બીજો રાઉન્ડ યોજવામાં આવ્યો. જેમાં કુલ ૧૦૭ જેટલા લોકો સહભાગી થયા.**



**બાળ અધિકાર સમૂહ ગુજરાતના નેજા હેઠળ તા.૧૦ થી તા.૧૨ નવેમ્બર ૨૦૨૪ સુધી ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ ખાતે યોજાયેલ બાલમંચ કાર્યક્રમમાં સંસ્થાના કાર્યકર અને કાર્યક્ષેત્રના બે બાળકો સહભાગી થયા હતા.**




## આરોગ્ય અને પર્યાવરણ

**ગ્રીન કુક સ્ટવનો ઉપયોગ કરતા ખેડૂત પરિવાર.**





## કૃષિ ઉત્પાદકતા અને આપત્તિજન્ય જોખમો

**આત્મા પ્રોજેક્ટ સાથે જોડાણ કરી કેરીયા ગામમાંથી કુલ ૮ બહેનોને આણંદ એગ્રીકલ્ચર યુનિવર્સિટી ખાતે ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ વિષય ઉપર તાલીમમાં લઈ જવામાં આવ્યા.**







**ખેડુત તાલીમ કેન્દ્ર અમરેલી સાથે જોડાણ કરી ગળકોટડી ગામના ખેડૂતો સાથે ફોલોઅપ મીટીંગનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ખેતી અને તેના જોખમો પર ચર્ચા કરવા સાપસીડી રમત રમાડવામાં આવી. તેમજ શેખપીપરીયા ગામમાં ૨૦ ખેડૂતોને ઘઉં અને ચણાના ડેમો આપવામાં આવ્યા.**







ટપક E-MAGAZINE
Volume 2, Issue 8
November 2024

**મહિના દરમિયાન પાંચેય પ્રોજેક્ટ વિસ્તારના ખેડૂતો સાથે વિવિધ પ્રવૃતિઓનું આયોજન થયું જેમાં ડેમો પ્લોટ મુલાકાત, એલ.જી. મીટીંગ, ખેતમજુરોની તાલીમ, આંતરિક મૂલ્યાંકન માટે ખેડૂતોના ખેતરની મુલાકાત, ઉદ્યોગ સાહસિકોની મુલાકાત, કપાસ વીણી અને સંગ્રહની તાલીમ, ઈનપુટ સેન્ટરની મુલાકાત અને માસિક સમીક્ષા બેઠકોનું આયોજન કરવામાં આવ્યું હતું.**














**કર્મયોગી કોલેજમાંથી ક્ષેત્રકાર્ય માટે આવેલ વિદ્યાર્થીઓ માટે ઓરીએન્ટેશન મીટીંગનું આયોજન તા.૧૮/૧૧/૨૦૨૪ નારોજ થયું. ત્યારબાદ તેમને ખેડૂત ઉત્પાદક સંગઠન અને તેમના ડાયરેક્ટરો સાથે મુલાકાત કરાવવામાં આવી.**




**અસર દ્વારા શિક્ષણના કરવાના થતા સર્વે માટે સંસ્થા ખાતે તા. ૨૧ અને ૨૨ નવેમ્બર ૨૦૨૪ના રોજ બે દિવસીય તાલીમનું આયોજન કરવામાં આવ્યું.**





**લુણકી ગામના પ્રગતિશીલ ખેડૂત ચંદુભાઈ કથીરિયા દ્વારા માધ્યમ બેકટેરિયાની મદદથી તૈયાર કરેલ કમ્પોસ્ટ**




**ગોંડલ કાર્યક્રમ વિસ્તારના ૬ ગામોમાં આબોહવા અનુકૂલન પર ગ્રામ પંચાયત વિકાસ આયોજન પૂર્ણ થયું છે. આ બેઠકમાં કુલ ૨૩૭ ગ્રામજનોએ ભાગ લીધો હતો અને ખેતી, સિંચાઈ અને પીવાના પાણી જેવી સમસ્યા અંગે ચર્ચા કરી હતી.**







**નવેમ્બર મહિના દરમિયાન ૨ ગામોમાં ૮૦ ખેડૂતો સાથે ડિજિટલ આઉટરીચ તાલીમ હાથ ધરવામાં આવી હતી. આ તાલીમમાં યુટ્યુબ પર કૃષિ પદ્ધતિઓ વિશે માહિતી આપી હતી અને સરકારી વેબસાઈટ્સ અને ઈ-કિશાન જેવા પોર્ટલ અંગે માહિતી આપવામાં આવી હતી.**





## પાણીના કાર્યક્ષમ સંચાલનને પ્રોત્સાહન આપવા માટે સંસ્થા દ્વારા ૨૫ ખેડૂતોને ટપક સિંચાઈ લગાવવા સહાય પૂરી પાડવામાં આવી.

**૪૫ ખેડૂતોને બાયો ફોર્ટિફાઈડ ઘઉં, ૩૭૬ આરએનજી કીટ, ડ્રોન સ્પ્રે, ઘઉં-૪૫૧ અને ૧૯૭ ખેડૂતોને ચણા -જીજી, ૨૧૪ ડેરી ખેડૂતોને પશુ આરોગ્ય કીટ, નેપિયર ગ્રાસ અને એફએમડી રસી જેવા વિવિધ ડેમો અને ખેતીની નવી ટેકનોલોજીની માહિતી આપવામાં આવી હતી.**









**મહિલાઓની હાલની આજીવિકા સુધારવા માટે, રાવણા ગામની ૫૬ મહિલાઓને તેમના ઈમિટેશન જ્વેલરીને લગતા કામમાં વધારો કરવા લાકડાના ટેબલ આપવામાં આવ્યા. આ ટેબલના ઉપયોગથી મહિલાઓની કમરના દુખાવાની સમસ્યા પણ દૂર થઈ છે.**



**Watch useful YouTube videos on project activities run by the organization and subscribe to our channel : Click here**

GREATNONPROFITS 2023 TOP-RATED NONPROFIT

GuideStarIndia GOLD — Transparency Certified — Valid till Jun 2021 — Awarded to GSN 556 Shikshan Ane Samaj Kalyan Kendra

GuideStarIndia — Commitment to Transparency Verified, Valid till Dec 2023 — Organisation shares proof of filing its Income Tax Return for FY 2021-22 on www.guidestarindia.org